# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૭૫, ડિસેમ્બર - જાન્યુઆરી : ૨૦૨૪



## યુજીવીસીએલ દ્વારા ૭૫મા પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી



યુજીવીસીએલ દ્વારા ઊર્જા સંરક્ષણ માસ ડિસેમ્બર-૨૦૨૩ની ઉજવણી




યુજીવીસીએલનું વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪માં માહિતીસભર પ્રદર્શન યોજાયું



સાબરમતી ખાતે હાઈ-ટેક મીટર ટેસ્ટિંગ લેબોરેટરી તથા મીની નવીન ગેસ્ટહાઉસનું ભૂમિપૂજન

# આ અંકમાં


**અંક:૭૫**
**ડિસેમ્બર - જાન્યુઆરી : ૨૦૨૪**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**

**તંત્રી**
શ્રી અરુણ મહેશ બાબુ (એમ.એસ.), આઈ.એ.એસ.
મેનેજિંગ ડિરેક્ટર

**સંપાદક**
શ્રી વિજય એલ. ઓઝા, ઈન્ચાર્જ આસી. મેનેજર (પી. આર.)

**સંકલન સહાયક**
શ્રી એમ.એચ.પઠાણ, જુનિયર આસીસ્ટન્ટ (કોર્પોરેટ કોમ્યુનિકેશન સેલ)

**સંપાદક સમિતિ**
શ્રી જી.એચ.એન્જિનિયર, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી બી.જી.પ્રણામી, કાર્યવાહક મુખ્ય ઇજનેર (પી.)
શ્રી રાજેન્દ્ર જૈન, ઇન્ચાર્જ જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન.એમ.જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ.સી.પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી જે.આર.ચૌધરી, વિશેષ મુખ્ય ઇજનેર (ટેક.)
શ્રી એમ.એચ.પટેલ, અધિક્ષક ઇજનેર (ટેક.)
શ્રી એ.પી.પટેલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી સી.જે.રાજપાલ, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી જી.જે.ધનુલા, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી એસ. આર. પટેલ, કાર્યવાહક અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
નાયબ અધિક્ષક (વહીવટ),
મહેસાણા વિભાગીય કચેરી.

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, રજિસ્ટર્ડ અને
કોર્પોરેટ ઓફિસ, વિસનગર રોડ, મહેસાણા-૩૮૪૦૦૧.
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
ફિનિસ્કોપ એન્ટરપ્રાઈઝ (લાભુ દેસાઈ)


**પ્રિય વાચકમિત્રો,**

**‘આપણું યુજીવીસીએલ’** આપનું પોતાનું સામયિક છે. એમાં જેમ કંપનીને સંબંધિત વિવિધ સમાચારોને સ્થાન આપવામાં આવે છે તેમ આપણા પરિવારના સભ્યોની વિવિધ ક્ષેત્રે પ્રગતિની પણ તેમાં અચૂક નોંધ લેવામાં આવે છે. એટલું જ નહીં, આપણા પરિવારના સભ્યોની વિલક્ષણ પ્રતિભાને બહાર લાવવા માટે, એક સરસ મંચ તરીકે પણ સામયિકને ઉપયોગ કરવાનું અમારું ધ્યેય છે. આપણા જીવનમાં નવી સુગંધ આવે કે વાચકને કોઈ પણ ક્ષેત્રમાં પ્રગતિ માટે પ્રેરણા આપે તેવી કોઈ પણ પ્રકારની કૃતિઓને પણ આ સામયિકમાં ચોક્કસ સ્થાન આપવામાં આવશે. આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેના ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.
cccell@ugvcl.com

# આ અંકના આકર્ષણો...


## સંદેશ

## ઉજવણી

- રજિસ્ટર્ડ કચેરી, મહેસાણા ખાતે ૭૫મા પ્રજાસત્તાક દિનની ઉત્સાહપૂર્વક ઉજવણી ૦૪
- સાબરમતી વર્તુળ કચેરી ખાતે ૭૫મા પ્રજાસત્તાક દિનની ઉજવણી ૦૮
- હિંમતનગર વર્તુળ કચેરી ખાતે ૭૫મા પ્રજાસત્તાક દિનની ઉજવણી ૦૮
- પાલનપુર વર્તુળ કચેરી ખાતે ૭૫મા પ્રજાસત્તાક દિનની ઉજવણી ૦૮

## ઊર્જા સંરક્ષણ માસની ઉજવણી

- યુજીવીસીએલ દ્વારા ઊર્જા સંરક્ષણ માસ ડિસેમ્બર-૨૦૨૩ની ઉજવણી ૦૯

## મતદાતા દિવસની ઉજવણી

- યુજીવીસીએલ દ્વારા રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૨૪ની ઉજવણી ૧૦

## ભૂમિપૂજન

- વર્તુળ કચેરી, સાબરમતી ખાતે હાઈ-ટેક મીટર ટેસ્ટિંગ લેબોરેટરી તથા મીની ગેસ્ટહાઉસના નવીન મકાનનું ભૂમિપૂજન ૧૦

## કંપની સમાચાર

- યુજીવીસીએલ દ્વારા વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ અંતર્ગત વિવિધ પ્રોજેક્ટ તથા યોજનાઓનું પ્રદર્શન યોજાયું ૧૧
- દહેગામ પેટા વિભાગીય કચેરી ખાતે સ્માર્ટ પ્રિ-પેઈડ મીટર લગાવવાની કામગીરીનો શુભારંભ ૧૨

## રમતગમત

- મહેસાણા વર્તુળ કચેરી ખાતે ૧૬મી ઇન્ટર સર્કલ લોન ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન ૧૩
- રાધનપુર વિભાગીય કચેરી દ્વારા ફ્રેન્ડલી ક્રિકેટનું થરા ખાતે આયોજન ૧૩

## વિદાય

- શ્રી ડી.એન.પટેલ, કાર્યપાલક ઇજનેર, સી.જી.એમ.યુ. વિભાગને ભાવભરી વિદાય ૧૪
- શ્રી એ.સી.પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (મા.સં.)નો સ્વૈચ્છિક નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો ૧૪

## કવિતા

## નિઃસ્વાર્થ સેવાથી મનને આનંદની અનુભૂતિ થાય છે અને તેમાંથી મળતું સુખ અનોખું હોય છે.

**-સરદાર વલ્લભભાઈ પટેલ**



**આવો, ઊર્જા ક્ષેત્રે અવિરત આગળ વધીએ, વીજ વિતરણને વ્યાપક બનાવીએ, લોકોની સુખાકારી માટે સેવાના સોનેરી અવસરમાં સહભાગી થઈએ.**

### પ્રિય કર્મચારી મિત્રો,

૨૦૨૪નું આગામી વર્ષ નવી આશાઓ, આકાંક્ષાઓ અને સંકલ્પો સિદ્ધ કરવાની ઊર્જા સાથે આપ સર્વેના જીવનમાં સોનેરી કિરણો લઈ આવે તેવી અભ્યર્થના સાથે યુજીવીસીએલ પરિવારના તમામ સભ્યોને હું શુભેચ્છાઓ પાઠવું છું.

આ વર્ષે આપણે દેશના ૭૫મા પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે સમગ્ર વિશ્વ માટે ઉદાહરણરૂપ, આદર્શ બંધારણના ઘડવૈયા શ્રી બાબાસાહેબ આંબેડકરને સાદર યાદ કરીને ભાવાંજલિ અર્પણ કરીએ. પ્રજાસત્તાક પર્વ માટે પણ તમામ પરિવારજનોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

PM-Kusum યોજના કોમ્પોનેન્ટ-B હેઠળ સ્ટેન્ડ એલોન સોલાર વોટર પંપ તથા કોમ્પોનેન્ટ-C હેઠળ ફીડર લેવલ સોલારાઈઝેશન યોજના અંતર્ગત નવા સોલાર પ્લાન્ટ પ્રસ્થાપિત કરીને ખેડૂતોને આ યોજનાનો લાભ ઝડપથી મળે તે માટે કંપની સતત પ્રયત્નશીલ છે.

તાજેતરમાં શ્રીરામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે જ આપણા માનનીય વડાપ્રધાનશ્રીએ "પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના"ની જાહેરાત કરી, જેનાથી ગરીબ અને મધ્યમ વર્ગ પરિવારોનું વીજ બીલ તો ઘટશે જ, સાથે સાથે આપણો ભારત દેશ ઊર્જા ક્ષેત્રમાં સ્વનિર્ભર પણ બનશે.

મને એ વાતનો આનંદ છે કે કંપનીમાં અત્યાર સુધી સેવા આપનારા કર્મચારીઓ, અધિકારીઓ અને શાસનકર્તાઓ દ્વારા કાર્યપદ્ધતિની એવી સુદૃઢ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે કે, તેઓ દ્વારા કંડારવામાં આવેલ કેડીઓ દ્વારા આજે પણ આપણે પ્રગતિનાં સોપાનો સર કરી રહ્યાં છીએ. સફળતાનો રાજમાર્ગ હંમેશાં નાની નાની કેડીઓથી જ તૈયાર થતો હોય છે.

તાજેતરમાં "૧૧મો ઇનોવેશન વિથ ઇમ્પેક્ટ એવોર્ડ્સ્" ફોર ડિસ્કોમ-૨૦૨૩નો એવોર્ડ જાહેર થયો છે અને વધુ એકવાર આપણે આપણી કાર્યક્ષમતા પુરવાર કરીને યુજીવીસીએલની યશકલગીમાં એક પીંછાનો ઉમેરો કર્યો છે. એવોર્ડ કામગીરીના સંલગ્ન એવા તમામ અધિકારીઓ/કર્મચારીઓને હું હૃદયપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

સર્વોત્તમ સેવા થકી ગ્રાહકોને સંતોષ આપવાની કંપનીની કામગીરીને વધુ વેગ મળી રહ્યો છે, આપણે મેળવેલ પ્રતિષ્ઠાએ આપણને વધુ પ્રતિષ્ઠાપાત્ર બનાવ્યા છે, જેનો મને આનંદ છે.

**અરુણ મહેશ બાબુ**
(એમ.એસ.), આઇ.એ.એસ.
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# રજિસ્ટર્ડ કચેરી, મહેસાણા ખાતે ૭૫મા પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી



તારીખ ૨૬ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ યુજીવીસીએલ રજિસ્ટર્ડ કચેરીના પ્રાંગણમાં ૭૫મા પ્રજાસત્તાક દિનની ઉજવણી ખૂબ જ ઉત્સાહપૂર્વક કરવામાં આવેલ.

પ્રજાસત્તાક દિનની ઉજવણી અન્વયે સવારે ૦૯:૧૦ કલાકે માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રી અરુણ મહેશ બાબુ (આઈ.એ.એસ.) દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ કરવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી જી.એચ.એન્જિનિયર, મુખ્ય ઇજનેર (પી.) શ્રી બી.જી.પ્રણામી, ઇન્ચાર્જ જનરલ મેનેજર (નાણાં) શ્રી આર.એમ.જૈન, વિશેષ મહાપ્રબંધક (મા.સં.) શ્રી એ.સી.પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઇજનેર (ટેક.) શ્રી જે.આર.ચૌધરી, અધિક્ષક ઇજનેર-મહેસાણા શ્રી એ.પી.પટેલ, જેટકો અધિક્ષક ઇજનેર-મહેસાણા શ્રી કે.એ.મોદી તથા ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ, પરિવારજનો તેમજ નિવૃત્ત કર્મચારીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી રાષ્ટ્રધ્વજને સલામી આપેલ.

આ પ્રસંગે ધ્વજવંદન સાથે "જન ગણ મન..." ગીત ગવાતાં દેશભક્તિની અનોખી લહેર પ્રસરી હોય તેવું વાતાવરણ છવાઈ ગયેલ. ■










આજ રોજ ૭૫મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ઉપસ્થિત ઉત્તર ગુજરાત વીજ કંપનીના તેમજ જેટકોના અધિકારીઓ, કર્મચારી ભાઈઓ-બહેનો, ભૂતપૂર્વ કર્મચારીઓ, પરિવારજનોનું અભિવાદન કરું છું.

૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ આપણા દેશના બંધારણના ઘડવૈયા બાબાસાહેબ ભીમરાવ આંબેડકર રચિત બંધારણ અમલમાં આવ્યું, જેની સમગ્ર વિશ્વમાં આગવા બંધારણ તરીકે નોંધ લેવામાં આવે છે.

તારીખ ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ આપણું સ્વતંત્ર બંધારણ અમલમાં આવવાથી દેશનું વહીવટી માળખું સુદ્રઢ બનેલ, જેથી દર વર્ષે આપણે ૨૬મી જાન્યુઆરીના દિવસને રાષ્ટ્રીય પર્વ તરીકે ઉજવીએ છીએ. ૧૯૬૧માં ગુજરાત ઇલેક્ટ્રિસિટી બોર્ડની રચના થઈ અને આપણે ઘરે ઘરે વીજળી પહોંચાડીને ગુજરાતના સામાજિક અને આર્થિક વિકાસને મજબૂત કરવા સક્ષમ બન્યા. વીજળી વગર વિકાસ શક્ય નથી. આપણે ગ્રાહકોને ગુણવત્તાસભર વીજળી પૂરી પાડવા માટે પ્રયત્નશીલ રહ્યા છીએ.

## મિત્રો ગયા વર્ષની વાત કરીએ તો, આપણી કંપનીએ અનોખી સિદ્ધિઓ મેળવેલ છે.

- ભારત સરકારના ઊર્જા મંત્રાલય તરફથી આપણી કંપનીને ફરીવાર એ પ્લસ (A+) રેટિંગ મળેલ છે, જે દેશભરની વીજ વિતરણ કંપનીઓમાં ઉત્તમ કક્ષાનું રેટિંગ ગણાય છે.
- આપણી કંપનીને ૦૩ નવેમ્બર, ૨૦૨૩ના રોજ ICC એવોર્ડસ્ - ૨૦૨૩ના "ઇનોવેશન વિથ ઇમ્પેક્ટ એવોર્ડસ્ (Innovation With Impact Award)"ની કેટેગરી C (સેવાની ગુણવત્તા અને ગ્રાહક સશક્તિકરણ) હેઠળ સૌના સહિયારા પુરુષાર્થથી એવોર્ડ મળેલ છે, જે આપણા સૌનું ગૌરવ છે.
- ઓનલાઇન અરજીઓનો સરળતાથી અને ઝડપથી નિકાલ થઈ શકે તે માટે કાર્યરત સેન્ટ્રલાઈઝડ્ પ્રોસેસિંગ સેન્ટર (CPC) દ્વારા દરરોજ અંદાજે ૬૫૦ જેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવી રહેલ છે, જે કામગીરી નોંધનીય છે.
- PM-Kusum યોજના કોમ્પોનેન્ટ-B હેઠળ સ્ટેન્ડ એલોન સોલાર વોટર પંપ તથા કોમ્પોનેન્ટ-C હેઠળ ફીડર લેવલ સોલરાઈઝેશન યોજના અંતર્ગત નવા સોલાર પ્લાન્ટ પ્રસ્થાપિત કરીને ખેડૂતોને આ યોજનાનો લાભ ઝડપથી મળે તે માટે કંપની સતત પ્રયત્નશીલ છે.
- હમણાં શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે જ આપણા માનનીય પ્રધાનમંત્રીશ્રીએ "પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના"ની જાહેરાત કરી, જેનાથી ગરીબ અને મધ્યમ વર્ગ પરિવારોનું વીજબીલ તો ઘટશે જ, સાથે સાથે આપણો ભારત દેશ ઊર્જા ક્ષેત્રમાં સ્વનિર્ભર પણ બનશે.
- સૂર્ય ઊર્જા રૂફટોપ યોજના તથા સૂર્યોદય યોજના અંતર્ગત ગુજરાતના ગ્રાહકોને વધુને વધુ ફાયદો થાય તે માટે કંપની કટિબદ્ધ છે.
- આપણી કંપનીની બિલિંગ અને કલેક્શન એફિશિયન્સી ૧૦૦% રહેલ છે, જે પ્રશંસનીય પરિણામ છે.
- વર્ષ ૨૦૨૩-૨૪ માટે ડિસેમ્બર-૨૦૨૩ સુધી વીજબીલની કુલ રકમની ૮૯% રકમ ઓનલાઈન ચૂકવણી થઈ છે.
- ગયા વર્ષે આપણી કંપનીના બિનખેતી કેટેગરીના ટી. & ડી. લોસ (T & D LOSS)માં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, જે સૌના માટે ખૂબ જ પ્રેરણાદાયી ગણી શકાય.
- RDSS યોજના તથા સ્માર્ટ મીટરો દ્વારા વીજ વિતરણ વ્યવસ્થા વધુ સુદ્રઢ થશે.
- સરદાર કૃષિ જ્યોતિ યોજના (SKJY) તથા ડિસ્ટ્રીબ્યુશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર શિફ્ટિંગ સ્કીમ (DISS) થકી ગ્રાહકોને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડી વીજ માળખું સુદ્રઢ બનાવી વીજ અકસ્માતો નિવારી શકાશે.

ઉપરોક્ત સિદ્ધિઓ તથા યોજનાઓના લાભ દ્વારા ગ્રાહકોની સુખાકારીમાં વધારો થઈ રહ્યો છે. તે માટે આપ સૌ અધિકારીઓ તથા કર્મચારીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે, આ વર્ષે આપણે વિવિધ વિષયો ઉપર ટેબ્લો (TABLEAU) બનાવેલ છે. દરેક ટેબ્લો માટે જે તે વિષય ઉપર જે અધિકારી - કર્મચારી મિત્રોએ મહેનત કરેલ છે, તે તમામને મારા અભિનંદન છે.

આ પ્રસંગે આપ સૌને મારી નમ્ર વિનંતી છે કે આપણે સાથે મળીને ઉત્તર ગુજરાતના ગામે-ગામમાં વીજ વિતરણ વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવીએ અને "સેવા એ જ સાધના"ના મંત્રને સાર્થક કરીએ.

વીજ બચત ક્ષેત્રે તો આપણે કામ કરી રહ્યા છીએ પણ મિત્રો, વીજ સુરક્ષા માટે પણ આપણે કામ કરવું પડશે. કંપનીનો પ્રત્યેક કર્મચારી કંપનીનો અમૂલ્ય અસ્કયામત (Asset) છે, માટે સાવચેતીપૂર્વક વીજ સુરક્ષાના સાધનો સાથે રાખીને કામ કરીશું. મિત્રો, આપણે સૌ નિષ્ઠાપૂર્વક અથાગ પ્રયત્નોથી આપણી કંપનીને વીજ વિતરણ કંપની તરીકે પ્રસ્થાપિત કરીએ એ જ અભ્યર્થના સાથે ફરીવાર પ્રજાસત્તાક દિન નિમિત્તે ઉપસ્થિત સૌને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી વિરમું છું.જય હિન્દ...જય જય ગરવી ગુજરાત.■






કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી જી. એચ. એન્જિનિયર દ્વારા માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીનું બુકે અર્પણ કરી સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ મહેસાણા વર્તુળ કચેરીની વિસનગર વિભાગીય કચેરીના કર્મચારીઓ દ્વારા વીજ સલામતી અંગે સંદેશો આપતી સેફ્ટી માર્ચ (સલામતી પરેડ) યોજવામાં આવેલ.

## ઈનામ અને સન્માનપત્ર વિતરણ

Vigilance Activity, Improvement in SAIFI < 1 (Power Availability), Zero Electrical/Mechanical Accidents since last 3 years, Extra Ordinary Performance, Online Payment વગેરે ક્ષેત્રે ઉત્તમ પ્રદર્શન કરનાર કચેરીઓના વડાઓનું માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રી અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા પ્રશસ્તિપત્ર આપીને સન્માન કરવામાં આવેલ.

આ પ્રસંગે વિવિધ રમતગમત ક્ષેત્રે કંપનીનું નામ રોશન કરનાર કર્મચારીઓ તેમજ શૈક્ષણિક ક્ષેત્રે કંપનીને ગૌરવ અપાવનાર કર્મચારીઓના તેજસ્વી બાળકોને પ્રશસ્તિપત્ર તેમજ રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવેલ.

## સાંસ્કૃતિક કાર્યક્રમો

સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆતમાં તાનારીરી કોલેજ, વડનગરની બહેનો દ્વારા કથ્થક શાસ્ત્રીય નૃત્ય (ગણેશ વંદના) સુંદર રીતે પ્રસ્તુત કરવામાં આવેલ.

વધુમાં રજિસ્ટર્ડ કચેરી, મહેસાણાના મહિલા મંડળની બહેનો દ્વારા દેશભક્તિની થીમ પર સુંદર રીતે ગ્રુપ ડાન્સ પ્રસ્તુત કરવામાં આવેલ તથા પાલનપુર વર્તુળ કચેરીની બહેનો દ્વારા પ્રાચીન અને અર્વાચીન ગરબા પ્રસ્તુત કરી હાજર તમામ લોકોને મનોરંજન પૂરું પાડેલ. હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા આદિવાસી સંસ્કૃતિની આગવી ઓળખ આપતું નૃત્ય પ્રસ્તુત કરવામાં આવેલ.

શ્રી બી.સી.કાપડિયા - નાયબ ઇજનેર, કડી વિભાગીય કચેરી દ્વારા દેશભક્તિ ગીત તથા શ્રી જે.કે.ભાયાણી - સહાયક સચિવ (વર્તુળ કચેરી, મહેસાણા) દ્વારા દેશભક્તિ ગીત "એ મેરે પ્યારે વતન..." સુંદર રીતે રજૂ કર્યા હતા, જેના અલૌકિક સૂરોથી હાજર અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારજનોમાં દેશભક્તિનું મોજું ફરી વળ્યું હતું.

મહેસાણા વર્તુળ કચેરી દ્વારા વીજ સલામતી અંગેનું નાટક "ચેતતા નર સદા સલામત" તથા સાબરમતી વર્તુળ કચેરી દ્વારા વીજ સલામતી અંગેનું નાટક "સલામતીના સથવારે" ધારદાર રીતે પ્રસ્તુત કરીને હાજર તમામ લોકો તથા વીજલાઈન પર કામ કરતા વીજ કર્મચારીઓને વીજ સલામતીના સાધનોના ઉપયોગ સાથે વીજ સલામતી અંગેના સૂચનોનો અમલ કરવા અંગે સચોટ સંદેશો પૂરો પાડેલ.

માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રી અરુણ મહેશ બાબુએ ઉપરોક્ત તમામ કાર્યક્રમની સરાહના કરેલ અને ભાગ લેનાર તમામ અધિકારીઓ/કર્મચારીઓનું અભિવાદન પણ કરેલ અને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવેલ.

પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે, રજિસ્ટર્ડ કચેરીના વિવિધ વિભાગો તથા વર્તુળ કચેરીઓ દ્વારા જુદા જુદા વિષયો પર ઝાંખી (ટેબ્લો) રજૂ કરવામાં આવેલ, જેણે ઉપસ્થિત સૌનું ધ્યાન આકર્ષિત કરેલ.

તમામ ઝાંખી પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે રજિસ્ટર્ડ કચેરીના વિવિધ વિભાગો તથા વર્તુળ કચેરીઓ દ્વારા રજૂ કરવામાં આવેલ, જેનું આંકલન ઉચ્ચ અધિકારીઓની ટીમ દ્વારા કરવામાં આવેલ. જે પૈકી હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા રજૂ કરેલ "વીજ સલામતી" વિષય પરની ઝાંખીને પ્રથમ ક્રમ, વર્તુળ કચેરી, પાલનપુર દ્વારા રજૂ થયેલ "સોલાર રૂફટોપ યોજના" વિષયને દ્વિતીય ક્રમ અને વર્તુળ કચેરી, મહેસાણા દ્વારા "આર.ડી.એસ.એસ. ઇન્ફ્રાસ્ટ્રક્ચર વર્ક"ને તૃતીય ક્રમ આપવામાં આવેલ તેમજ બાકીની ઝાંખીના રજુકર્તાઓને મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવેલ.

માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી અરુણ મહેશ બાબુના માર્ગદર્શન હેઠળ, ઉમંગ અને ઉત્સાહ સાથે વિવિધ નવીનતમ કાર્યક્રમની પ્રસ્તુતિ કરીને પ્રજાસત્તાક દિનની યાદગાર ઉજવણી કરવામાં આવેલ.

પ્રજાસત્તાક દિવસના આ અનોખા કાર્યક્રમના અંતમાં હાજર તમામ અધિકારીઓ, કર્મચારીઓ, બાળકો અને નિવૃત્ત કર્મચારીઓએ અલ્પાહાર ગ્રહણ કરેલ. ■

# વિવિધ વિષયો પર રજૂ કરવામાં આવેલ ઝાંખી (ટેબ્લો) :-




સેન્ટ્રલાઈઝડ્ પ્રોસેસિંગ યુનિટ (CPC)

પ્રસ્તુતકર્તા : ટેકનીકલ/કોમર્સ વિભાગ, રજિસ્ટર્ડ કચેરી, મહેસાણા.




સ્માર્ટ મીટર ફાયદા

પ્રસ્તુતકર્તા : પ્રોજેક્ટ/આઈ.ટી. વિભાગ રજિસ્ટર્ડ કચેરી, મહેસાણા.




પી.એમ.કુસુમ ખેતીવાડી સોલાર યોજના

પ્રસ્તુતકર્તા : સોલાર વિભાગ,રજિસ્ટર્ડ કચેરી, મહેસાણા.




એ.ટી. એન્ડ સી., લૉડ ઘટાડો

પ્રસ્તુતકર્તા : ટેકનીકલ/વિજિલન્સ વિભાગ, રજિસ્ટર્ડ કચેરી, મહેસાણા.




ઓનલાઈન પેમેન્ટના વિકલ્પો

પ્રસ્તુતકર્તા : એકાઉન્ટ/ફાઈનાન્સ વિભાગ, રજિસ્ટર્ડ કચેરી, મહેસાણા.



આર.ડી.એસ.એસ. ઈન્ફ્રાસ્ટ્રક્ચર વર્ક

પ્રસ્તુતકર્તા : વર્તુળ કચેરી, મહેસાણા.



સોલાર રૂફટોપ યોજના

પ્રસ્તુતકર્તા : વર્તુળ કચેરી, પાલનપુર.




SCADA કન્ટ્રોલ સેન્ટર અને અંડર ગ્રાઉન્ડ કામગીરી

પ્રસ્તુતકર્તા : વર્તુળ કચેરી, સાબરમતી.



વીજ સલામતી

પ્રસ્તુતકર્તા : વર્તુળ કચેરી, હિંમતનગર




વીજ સુરક્ષા

પ્રસ્તુતકર્તા:- જેટકો, મહેસાણા

## હિંમતનગર વર્તુળ કચેરી ખાતે ૭૫મા પ્રજાસત્તાક દિનની ઉજવણી




તારીખ ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ હિંમતનગર વર્તુળ કચેરી, યુજીવીસીએલના પટાંગણમાં રાષ્ટ્રીય પર્વ ૭૫મા પ્રજાસત્તાક દિનની ઉત્સાહપૂર્વક ઉજવણી વિભાગીય કચેરીના કાર્યપાલક ઇજનેર શ્રી એચ.બી.ગાંધીના વરદ્ હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવીને કરવામાં આવેલ. જેમાં વર્તુળ કચેરી, વિભાગીય કચેરી (હિંમતનગર) તેમજ પેટા વિભાગીય કચેરીઓના કર્મચારીઓએ ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રાષ્ટ્રીય પર્વની હર્ષોલ્લાસ સહિત ઉજવણી કરેલ. શ્રી ગાંધી સાહેબ દ્વારા પ્રસંગને અનુરૂપ ઉદ્‌બોધન કરવામાં આવેલ.

આ કાર્યક્રમ દરમિયાન કર્મચારીઓ/અધિકારીઓ તેમજ તેઓના સંતાનો માટે સંગીત ખુરશી અને લીંબુ ચમચી જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ. સ્પર્ધામાં વિજેતાઓને ઈનામ તથા ભાગ લેનાર તમામ બાળકોને પ્રોત્સાહક ઈનામ વિતરણ કરી પ્રોત્સાહિત કરેલ. કાર્યક્રમમાં કંપનીના કર્મચારીઓ દ્વારા ભારત દેશના વીર શહીદોને યાદ કરીને દેશભક્તિના ગીતો રજૂ થયેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન વિભાગીય કચેરી, હિંમતનગર દ્વારા કરવામાં આવેલ. ■

## પાલનપુર વર્તુળ કચેરી ખાતે ૭૫મા પ્રજાસત્તાક દિનની ઉજવણી




તારીખ ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ૭૫મા પ્રજાસત્તાક દિનના ગૌરવવંતા પ્રસંગ નિમિત્તે વર્તુળ કચેરી, પાલનપુર ખાતે ખૂબ જ ઉત્સાહપૂર્વક પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવેલ. વર્તુળ કચેરી, પાલનપુર ખાતે તેમજ તેના તાબા હેઠળની તમામ વિભાગીય કચેરીઓ ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવેલ. જેમાં માનનીય શ્રી એન. કે. તેજોત - કાર્યપાલક ઇજનેર (વર્તુળ કચેરી, પાલનપુર)ના નેતૃત્વ હેઠળ વર્તુળ કચેરી, પાલનપુર તથા વિભાગીય કચેરી પાલનપુર- ૦૧ અને ૦૨ દ્વારા સંયુક્ત રીતે વર્તુળ કચેરી, પાલનપુરના પટાંગણમાં પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં અધિકારી/કર્મચારીગણ હાજર રહેલ. શ્રી એન.કે.તેજોત સાહેબ દ્વારા પ્રજાસત્તાક દિન નિમિત્તે ભારતના બંધારણ વિશે માહિતી આપેલ અને દરેક અધિકારી/કર્મચારીઓને શુભેચ્છા પાઠવી ભારત માતાની જયઘોષ સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરેલ. અંતમાં દરેક હાજર અધિકારી કર્મચારીઓએ અલ્પાહાર લીધેલ. ■

## સાબરમતી વર્તુળ કચેરી ખાતે ૭૫મા પ્રજાસત્તાક દિનની ઉજવણી




તારીખ ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ૭૫મા પ્રજાસત્તાક દિનના રાષ્ટ્રીય પર્વની ઉજવણી સાબરમતી વર્તુળ કચેરીના પટાંગણમાં કરવામાં આવેલ. ધ્વજવંદન કાર્યક્રમ દરમિયાન કંપનીના અધિકારીઓ/કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે દેશની આઝાદીમાં સહભાગી થનાર નામી-અનામી સૌ ક્રાંતિકારીઓને યાદ કરી કાર્યક્રમની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવેલ. ■



# યુજીવીસીએલ દ્વારા ઊર્જા સંરક્ષણ માસ ડિસેમ્બર-૨૦૨૩ની ઉજવણી

ભારત સરકારશ્રીના ઊર્જા મંત્રાલય દ્વારા પ્રત્યેક વર્ષે ૧૪મી ડિસેમ્બરને રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેનો મુખ્ય ઉદ્દેશ દેશભરના લોકો દ્વારા વીજળીનો વિવેકપૂર્વક ઉપયોગ થાય તેમજ બિનજરૂરી વીજળીનો વ્યય અટકે તથા પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોતનો ઉપયોગ કરવા અંગે લોકોમાં જાગૃતતા આવે તે છે.

ઊર્જા સંરક્ષણ માસ - ૨૦૨૩ દરમિયાન ૦૧ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધી યુજીવીસીએલની વિવિધ કચેરીઓ ખાતે ઊર્જા સંરક્ષણ માસ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ, જેમાં કંપનીના અધિકારીઓ તથા કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ઊર્જા સંરક્ષણ તથા વીજ બચત પ્રત્યે ગ્રાહકોમાં જાગૃતિ વધે તે બાબતે સુત્રોચ્ચાર સાથે રેલી, ગ્રામસભા, પ્લેમ્ફલેટ વિતરણ તથા ચિત્ર સ્પર્ધાઓનું આયોજન કરેલ. ■

## મહેસાણા વર્તુળ કચેરી ખાતે ઊર્જા સંરક્ષણ માસ ડિસેમ્બર-૨૦૨૩ની ઉજવણી







## હિંમતનગર વર્તુળ કચેરી ખાતે ઊર્જા સંરક્ષણ માસ ડિસેમ્બર-૨૦૨૩ની ઉજવણી






## પાલનપુર વર્તુળ કચેરી ખાતે ઊર્જા સંરક્ષણ માસ ડિસેમ્બર-૨૦૨૩ની ઉજવણી






## સાબરમતી વર્તુળ કચેરી ખાતે ઊર્જા સંરક્ષણ માસ ડિસેમ્બર-૨૦૨૩ની ઉજવણી






# સાબરમતી વર્તુળ કચેરી ખાતે હાઈ-ટેક મીટર ટેસ્ટિંગ લેબોરેટરી તથા મીની ગેસ્ટહાઉસના નવીન મકાનનું ભૂમિપૂજન



"સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ" આપવાના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે અવિરત પ્રયત્નો કરનાર ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ સતત હાથ ધરવામાં આવી રહેલ છે. જે અંતર્ગત સાબરમતી વર્તુળ કચેરીના પ્રાંગણમાં હાઇ-ટેક મીટર ટેસ્ટિંગ લેબોરેટરી, મીટર ટેસ્ટિંગ, જીમ અને કોન્ફરન્સ હોલ તથા મીની ગેસ્ટહાઉસના નવીન મકાનનું ભૂમિપૂજન કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી અરુણ મહેશ બાબુના વરદ્ હસ્તે તારીખ ૨૯ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ કરવામાં આવેલ. આ ભૂમિપૂજન સમારોહમાં કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી જી.એચ.એન્જિનિયર, કાર્યવાહક મુખ્ય ઇજનેર (પી.) શ્રી બી.જી.પ્રણામી, વિશેષ મુખ્ય ઇજનેર શ્રી જે.આર.ચૌધરી, કાર્યવાહક અધિક્ષક ઇજનેર (સિવિલ) શ્રી ડી.એ.ગુર્જર, અધિક્ષક ઇજનેર (વર્તુળ કચેરી, સાબરમતી) શ્રી સી.જે.રાજપાલ તેમજ કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહેલ.

નિર્માણ પામનાર હાઇ-ટેક મીટર ટેસ્ટિંગ લેબોરેટરી, મીટર ટેસ્ટિંગ, જીમ અને કોન્ફરન્સ હોલનું નવીન મકાન અંદાજિત ૫.૫૬ કરોડના ખર્ચે તથા મીની ગેસ્ટહાઉસનું નવીન મકાન અંદાજિત ૨.૩૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવનાર છે. નિર્માણ પામનાર નવીન અદ્યતન મકાનથી કંપનીના ગ્રાહકોને અને કર્મચારીઓને વધુ સારી સગવડો મળશે, જેનાથી કર્મચારીઓ વધુ કાર્યક્ષમતાથી કામગીરી કરી શકશે તેમજ અદ્યતન મકાનની સગવડતા પ્રાપ્ત થવાથી ગ્રાહકોને વધુ ઉત્કૃષ્ઠ સેવાઓ પ્રદાન કરી શકાશે. ■

# યુજીવીસીએલ દ્વારા રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૨૪ની ઉજવણી

કેન્દ્ર સરકાર દ્વારા ચૂંટણી પંચ, નવી દિલ્હીના સ્થાપના દિવસ ૨૫મી જાન્યુઆરીને રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે જાહેર કરવામાં આવેલ છે. દર વર્ષે આ દિવસે રાજ્યકક્ષાએથી લઈ મતદાન મથક સુધી "રાષ્ટ્રીય મતદાતા દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. જે અન્વયે આ વર્ષે પણ તારીખ ૨૫ જાન્યુઆરી,૨૦૨૪ના રોજ યુજીવીસીએલની વિવિધ કચેરીઓ ખાતે "Nothing like Voting, I vote for sure" થીમ પર રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૨૪ની ઉજવણી કરવામાં આવેલ.

આ પ્રસંગે યુજીવીસીએલની વિવિધ કચેરીઓ ખાતે કંપનીના અધિકારીઓ-કર્મચારીઓએ "મતદાતા શપથ" લઈને મતદાતા દિવસની ઉજવણીમાં પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપેલ. ■

**मतदाता शपथ**

“हम, भारत के नागरिक लोकतंत्र में अपनी पूर्ण आस्था रखते हुए यह शपथ लेते हैं कि हम अपने देश की लोकतांत्रिक परंपराओं की मर्यादा को बनाए रखेंगे तथा स्वतंत्र, निष्पक्ष एवं शांतिपूर्ण निर्वाचन की गरिमा को अक्षुण्ण रखते हुए, निर्भीक होकर, धर्म, वर्ग, जाति, समुदाय, भाषा अथवा अन्य किसी भी प्रलोभन से प्रभावित हुए बिना सभी निर्वाचनों में अपने मताधिकार का प्रयोग करेंगे ।"



રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ કચેરી તથા વર્તુળ કચેરી, મહેસાણા



હિંમતનગર વર્તુળ કચેરી



પાલનપુર વર્તુળ કચેરી



સાબરમતી વર્તુળ કચેરી

# યુજીવીસીએલ દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ અંતર્ગત વિવિધ પ્રોજેક્ટ તથા યોજનાઓનું પ્રદર્શન યોજાયું




ગાંધીનગર ખાતે તારીખ ૧૦ થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન યોજાયેલ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ અંતર્ગત આયોજિત ટ્રેડ શોમાં યુજીવીસીએલ દ્વારા વિવિધ પ્રોજેક્ટ તથા યોજનાઓનું પ્રદર્શન કરવામાં આવેલ.

આ ટ્રેડ શોમાં મોઢેરા શહેર સોલરાઈઝેશન, સોલાર રૂફટોપ, રિવેમ્પડ ડિસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ તથા સ્માર્ટ પ્રિ-પેઈડ વીજ મીટરનું પ્રદર્શન કરવામાં આવેલ.

પ્રદર્શનમાં મુકાયેલા મોઢેરા શહેર સોલરાઈઝેશનમાં સોલાર રૂફટોપ વિશે જાણવા લોકો ઉત્સુક બન્યાં હતાં. મોઢેરા તથા આસપાસના ગામોમાં એક કિલોવોટના સોલાર રૂફટોપ લગાડવામાં આવેલ છે, જેનાથી દરેક ઘર "વીજળીયુક્ત અને બીલમુક્ત" બનવા પામેલ છે.

ભારત સરકારની રિવેમ્પડ ડિસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ અંતર્ગત આગામી સમયમાં સ્માર્ટ પ્રિ-પેઈડ મીટર લગાડવામાં આવનાર છે. તે મીટરોનું અહીં નિદર્શન કરવામાં આવેલ. સ્માર્ટ પ્રિ-પેઈડ મીટર લગાવવાથી સતત વીજ વપરાશની માહિતી મોબાઈલ પર મળવી, પાછલા વીજ વપરાશનું વિશ્લેષણ અને વીજ વપરાશનું પૂર્વાનુમાન, રિઅલ ટાઇમ સૂચનાઓ અને ચેતવણીઓ, કાર્બન ફૂટ પ્રિન્ટમાં ઘટાડો (પર્યાવરણનો બચાવ), માનવીય હસ્તક્ષેપનું નિવારણ, મોબાઈલ પરથી વીજ બીલનું રિચાર્જ, વીજ બીલ ભરવાની લાઈનની પરેશાનીમાંથી મુક્તિ વગેરે ફાયદા વીજવપરાશકર્તાને થશે. ■



# દહેગામ પેટા વિભાગીય કચેરી ખાતે સ્માર્ટ પ્રિ-પેઈડ મીટર લગાવવાની કામગીરીનો શુભારંભ

ભારત સરકાર દ્વારા રાજ્યના વીજ વિતરણ ક્ષેત્રે વીજ માળખાને મજબૂત કરવા માટેની ક્રાંતિકારી યોજના Revamped Distribution Sector Scheme (RDSS) અંતર્ગત ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (UGVCL) દ્વારા સ્માર્ટ પ્રિ-પેઈડ મીટર લગાવવાની કામગીરીનો શુભારંભ દહેગામ પેટા વિભાગીય કચેરી ખાતે તારીખ ૨૯ ડિસેમ્બર,૨૦૨૩ના રોજ કરવામાં આવેલ.





આ સ્માર્ટ પ્રિ-પેઈડ મીટર લગાવવાથી સતત વીજ વપરાશની માહિતી મોબાઈલ પર મળવી, પાછલા વીજ વપરાશનું વિશ્લેષણ અને વીજ વપરાશનું પૂર્વાનુમાન, રિઅલ ટાઇમ સૂચનાઓ અને ચેતવણીઓ, કાર્બન ફૂટપ્રિન્ટમાં ઘટાડો (પર્યાવરણનો બચાવ), માનવીય હસ્તક્ષેપનું નિવારણ, મોબાઈલ પરથી વીજબીલનું રિચાર્જ, વીજબીલ ભરવાની લાઈનની પરેશાનીમાંથી મુક્તિ વગેરે ફાયદા વીજવપરાશકર્તાને થશે.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ તેના માનવંતા ગ્રાહકોને સર્વોત્તમ સેવા થકી સંતોષ આપવાના ધ્યેયને ચરિતાર્થ કરવા હંમેશા કટિબદ્ધ છે અને સદર યોજનાના સફળ અમલીકરણ બાદ ગ્રાહકોને વીજ-વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ સેવા આપવાની નેમ ધરાવે છે. ■

## કવિતા

### તું ખાસ છે...

બસ, આજે એટલું જ કહેવું છે કે,
તું ધારે એના કરતાં વધારે ખાસ છે ! !

શરૂઆત થોડા શબ્દોથી, પણ આધાર એનો વિશ્વાસ છે,
બસ, આજે એટલું જ કહેવું છે કે, તું ધારે એના કરતાં વધારે ખાસ છે ! !

તહેવાર હોય કે મહેફિલની મોજ, તારી જમાવટ જક્કાસ છે.
બસ, આજે એટલું જ કહેવું છે કે, તું ધારે એના કરતાં વધારે ખાસ છે ! !

તારી પરીક્ષા શું કરું, તું તો Distinction સાથે પાસ છે,
બસ, આજે એટલું જ કહેવું છે કે, તું ધારે એના કરતાં વધારે ખાસ છે ! !

સુખ હોય કે દુ:ખ, સદાય તું સાથે રહેતો મારો સાથી ખાસમખાસ છે,
બસ, આજે એટલું જ કહેવું છે કે, તું ધારે એના કરતાં વધારે ખાસ છે ! !

મારી ખુશીઓનું સરનામું અને મારા હાસ્યનો અવકાશ છે,
બસ, આજે એટલું જ કહેવું છે કે, તું ધારે એના કરતાં વધારે ખાસ છે ! !

**નરેશ આર. પારેખ**
**જુનિયર ઈજનેર (સ્ટોર)**
**કલોલ વિભાગીય કચેરી**

## વિદાય



વિભાગીય કચેરી, મહેસાણામાં વહીવટી વિભાગમાં સિનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતાં શ્રીમતી અલકાબેન પાધ્યા વયમર્યાદાના કારણે તા. ૩૧/૦૧/૨૦૨૪ના રોજ નિવૃત્ત થતાં તેમનો વિદાય સમારંભ વિભાગીય કચેરી,મહેસાણાના કા.ઈ. શ્રી એમ.એમ.બાંડીના અધ્યક્ષપદે યોજવામાં આવેલ. કાર્યક્રમની શુભ શરૂઆત ના.અધિક્ષક (વહીવટ)કુ. જે.એમ.રાઠોડ તેમજ જુની.આસી. શ્રીમતી પિનલ પ્રજાપતિએ સરસ્વતી વંદના દ્વારા કરેલ. શ્રી એમ.એમ.બાંડી સાહેબે નિવૃત્ત થતાં શ્રીમતી અલકાબેન પાધ્યાને શ્રીફળ,સાકર અને શાલ અર્પણ કરી એમનું બહુમાન કર્યું, જે ત્યાં ઉપસ્થિત તમામ કર્મચારીઓએ તાળીઓના ગડગડાટથી વધાવી શ્રીમતી અલકાબેનનું અભિવાદન કરેલ તથા નિવૃત્ત જીવનની શુભેચ્છાઓ પાઠવેલ. કાર્યક્રમનું સફળ સંચાલન વહીવટી વિભાગમાં જુની.આસિ. તરીકે ફરજ બજાવતાં શ્રીમતી રશ્મિબેન સોલંકી દ્વારા કરવામાં આવેલ.

રમતગમત

# મહેસાણા વર્તુળ કચેરી ખાતે ૧૬મી ઈન્ટર સર્કલ લોન ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન



તારીખ ૧૩ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ૧૬મી ઈન્ટર સર્કલ લોન ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન વર્તુળ કચેરી, મહેસાણાના યજમાન પદે વણીકર ક્લબ, મહેસાણા ખાતે કરવામાં આવેલ. રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ કચેરી, મહેસાણાના સહાયક સચિવ શ્રી જે.એમ.રોય, વર્તુળ કચેરી, મહેસાણાના સહાયક સચિવ શ્રી જે.કે.ભાયાણી તેમજ આયોજન કમિટી દ્વારા બધા ખેલાડીઓ તેમજ પધારેલ અધિકારીઓનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવેલ, ત્યારબાદ વર્તુળ કચેરી, મહેસાણાના સહાયક સચિવ શ્રી જે.કે.ભાયાણી તેમજ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી ટુર્નામેન્ટની શરૂઆત કરવામાં આવેલ. વધુમાં શ્રી જે.એમ.રોય સાહેબ અને શ્રી જે.કે.ભાયાણી સાહેબ દ્વારા તેમના વક્તવ્યમાં રમતગમતનું મહત્વ સમજાવેલ.

ઈન્ટર સર્કલ લોન ટેનિસ ટુર્નામેન્ટમાં યુજીવીસીએલનાં ચાર સર્કલ અને એક વડી કચેરીમાંથી કુલ ૧૯માંથી ૧૭ પુરુષ ખેલાડીઓએ ભાગ લીધેલો હતો. જેમાં તારીખ ૧૩/૦૧/૨૦૨૪ના રોજ મેન્સ સિંગલ્સ લોન ટેનિસ ફાઈનલ શ્રી એસ.એસ.દેસાઈ, પાલનપુર કચેરી અને શ્રી પી.આઇ.વાવડીયા, રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ કચેરી, મહેસાણા વચ્ચે યોજાઈ હતી. જેમાં પાલનપુર વર્તુળ કચેરીના શ્રી એસ.એસ.દેસાઈ ચેમ્પિયન બનેલ અને રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ કચેરી, મહેસાણાના શ્રી પી.આઈ.વાવડીયા રનર્સ-અપ બનેલ. મેન્સ ડબલ્સ લોન ટેનિસ ફાઈનલ શ્રી એસ.એસ.દેસાઈ, શ્રી જે.એમ.સૈયદ - પાલનપુર કચેરી અને શ્રી વી.એ.ભટ્ટ, શ્રી કે.એ.મોઢ - વર્તુળ કચેરી, મહેસાણા વચ્ચે ફાઈનલ મેચ રમાઈ હતી. જેમાં પાલનપુર વર્તુળ કચેરીના શ્રી એસ.એસ.દેસાઈ અને શ્રી જે.એમ.સૈયદ ચેમ્પિયન બનેલ અને વર્તુળ કચેરી મહેસાણાના શ્રી વી.એ.ભટ્ટ અને શ્રી કે.એ.મોઢ રનર્સ-અપ બનેલ.

અંતમાં વર્તુળ કચેરી, મહેસાણાના સહાયક સચિવ શ્રી જે.કે.ભાયાણી સાહેબ તેમજ વર્તુળ કચેરી, મહેસાણાના નાયબ અધિક્ષક (વહીવટ) શ્રી એમ.આઇ.પટેલ સાહેબ દ્વારા વિજેતા ખેલાડીઓને ટ્રોફી એનાયત કરેલ તથા ભાગ લેનાર તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવી આગળ પણ સારી રમત રમીને યુજીવીસીએલનું નામ રોશન કરો એવી શુભેચ્છાઓ પાઠવેલ. ભાગ લીધેલ તમામ ખેલાડીઓ, રેફરી અને આયોજકોનો આભાર વ્યક્ત કરી આ ટુર્નામેન્ટને પૂર્ણ જાહેર કરવામાં આવેલ. ■

# રાધનપુર વિભાગીય કચેરી દ્વારા થરા ખાતે ફ્રેન્ડલી ક્રિકેટનું આયોજન




તારીખ ૨૪ તથા ૨૫ ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન રાધનપુર વિભાગીય કચેરીના તાબા હેઠળની તમામ પેટા વિભાગીય કચેરીઓમાં ફરજ બજાવતા કર્મચારીઓમાં સ્પોર્ટ્સ કૌશલ્યને વિકસાવી શકાય તે હેતુથી થરા ખાતે વિભાગીય કચેરીના યજમાન પદે યુજીવીસીએલ ફ્રેન્ડલી ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. ટુર્નામેન્ટની શરૂઆતમાં સેફ્ટી શપથ લઈ શ્રી એન.બી.પટેલ - કાર્યપાલક ઇજનેર (વિભાગીય કચેરી, રાધનપુર) તથા ટુર્નામેન્ટના સ્પોન્સરશ્રીઓની હાજરીમાં ટુર્નામેન્ટને ખુલ્લી મુકવામાં આવેલ. બે દિવસ રમાયેલ ટુર્નામેન્ટમાં કુલ નવ ટીમોના ૧૫૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધેલ. તા. ૨૫/૧૨/૨૦૨૩ના રોજ સેમિફાઇનલ અને ફાઇનલ મેચનું આયોજન કરવામાં આવેલ. થરા અને સુઈગામની ટીમો વચ્ચે ફાઇનલ રમાયેલ, જેમાં થરા ટીમ દ્વારા સતત સારુ કૌશલ્ય દર્શાવી ટુર્નામેન્ટમાં વિજેતા બનેલ અને સુઈગામ રનર્સ-અપ રહેલ. વિજેતા ટીમને ટ્રોફી આપીને બિરદાવવામાં આવેલ તેમજ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તરીકે શ્રી ભાવેશ પ્રજાપતિને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવેલ. સમગ્ર ટુર્નામેન્ટનું સંચાલન શ્રી રમેશભાઈ બી. ઠાકોર, રાધનપુર વિભાગીય કચેરી તથા શ્રી ભાવેશ પ્રજાપતિ, શ્રી આર.સી.ઠાકોર, શ્રી પી.એસ.ડેડુણ અને સમગ્ર થરા ટીમ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલ. ■

# શ્રી ડી.એન.પટેલ, કાર્યપાલક ઈજનેર, સી.જી.એમ.યુ. વિભાગને ભાવભરી વિદાય



તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ વયમર્યાદાને લીધે નિવૃત્ત થઇ રહેલ શ્રી ડી.એન.પટેલ, કાર્યપાલક ઈજનેર, સી.જી.એમ.યુ. વિભાગને વિદાય આપવા માટેના સમારંભનું આયોજન તા. ૩૦ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી જી.એચ.એન્જિનિયરના અધ્યક્ષ સ્થાને શ્રી જે.આર.ચૌધરી - વિશેષ મુખ્ય ઈજનેર (ટેક.), શ્રી ડી.બી.પટેલ - કાર્યવાહક વિશેષ મુખ્ય ઈજનેર (કોમર્સ), શ્રી વી.એચ.અસારી - નાયબ મહાપ્રબંધક (આઈ.આર.), શ્રી એચ.એન.ભાવસાર - કાર્યવાહક નાયબ મહાપ્રબંધક (મા.સં.) તથા કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.

શ્રી ડી.એન.પટેલની કારકિર્દીની શરૂઆત તારીખ ૨૪ એપ્રિલ, ૧૯૯૦ના રોજ થરાદ પેટા વિભાગીય કચેરી ખાતે જુનિયર ઈજનેર તરીકે થયેલ. તારીખ ૧૮ સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ નાયબ ઈજનેર તરીકે બઢતી મેળવી પાટણ શહેર પેટા વિભાગીય કચેરી ખાતે નિમણૂક થયેલ. ત્યારબાદ અનુક્રમે બેચરાજી પેટા વિભાગીય કચેરી, કડી શહેર પેટા વિભાગીય કચેરી, મહેસાણા વર્તુળ કચેરી, કડી વિભાગીય કચેરીમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવેલ. તારીખ ૦૫ મે, ૨૦૨૨ના રોજ કંપની હિતમાં રજિસ્ટર્ડ કચેરી, મહેસાણા ખાતે કાર્યપાલક ઈજનેર તરીકે નિમણૂક મેળવેલ. ૨૪ એપ્રિલ, ૧૯૯૦થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ સુધીની લાંબી કારકિર્દી સફળતાપૂર્વક પૂર્ણ કરી વય મર્યાદાને લીધે નિવૃત્ત થઈ રહેલ.

વિદાય કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી એચ.એન.ભાવસાર - કાર્યવાહક નાયબ મહાપ્રબંધક (મા.સં.) અને પ્રાસંગિક ઉદ્‌બોધન શ્રી ડી.બી.પટેલ - કાર્યવાહક વિશેષ મુખ્ય ઈજનેર (કોમર્સ) દ્વારા કરવામાં આવેલ.

નિવૃત્ત થઈ રહેલ અધિકારીશ્રીને કંપની દ્વારા સન્માનપત્ર, શાલ, શ્રીફળ, બુકે તથા આર્થિક લાભોના ચેક અર્પણ કરીને સન્માન કરવામાં આવેલ. જેને ઉપસ્થિત કર્મચારીગણે તાળીઓના ગડગડાટથી વધાવેલ.

યુજીવીસીએલ પરિવાર તેમના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે શુભકામનાઓ પાઠવે છે. ■

# શ્રી એ.સી.પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (મા.સં.)ના સ્વૈચ્છિક નિવૃત્તિ વિદાય સમારંભનું આયોજન



તારીખ ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સ્વૈચ્છિક નિવૃત્ત થઈ રહેલ શ્રી એ.સી.પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક(મા.સં.)ને વિદાય આપવા માટેના સમારંભનું આયોજન તારીખ ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ કંપનીના એચ.આર.વિભાગ દ્વારા કરવામાં આવેલ. જેમાં અધિકારીઓ અને કર્મચારીઓની ઉપસ્થિતિ રહેલ.

શ્રી એ.સી.પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક(મા.સં.)ની કારકિર્દીની શરૂઆત તારીખ ૦૨ જૂન, ૨૦૧૪ના રોજ રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ, મહેસાણા ખાતે વિશેષ મહાપ્રબંધક(મા.સં.) તરીકે થયેલ. તારીખ ૦૨ જૂન, ૨૦૧૪થી તારીખ ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીની વિશેષ મહાપ્રબંધક(મા.સં.) તરીકેની કારકિર્દી સફળતાપૂર્વક પૂર્ણ કરી તારીખ ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સ્વૈચ્છિક નિવૃત થયેલ.

પ્રાસંગિક ઉદ્‌બોધન શ્રી એમ.એમ.પાંડોર, પર્સોનલ ઓફિસર દ્વારા કરવામાં આવેલ અને તેમની કારકિર્દી વિશે વિસ્તૃતમાં જણાવેલ.

નિવૃત્ત થઈ રહેલ અધિકારીશ્રીને કંપની દ્વારા શાલ, શ્રીફળ, બુકે તેમજ મોમેન્ટો અર્પણ કરીને સન્માન કરવામાં આવેલ, જેને ઉપસ્થિત સૌ કર્મચારીગણે તાળીઓના ગડગડાટથી વધાવેલ.

પ્રસંગને અનુરૂપ કંપનીના અધિકારીઓએ પણ નિવૃત્ત થઈ રહેલ અધિકારી સાથેની કામગીરીના સ્મરણોને યાદ કરેલ.ઉપસ્થિત સૌએ નિવૃત્ત જીવન તંદુરસ્ત અને આરોગ્યમય રહે તે માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવેલ.

નિવૃત્ત થઈ રહેલ શ્રી એ.સી.પ્રજાપતિએ તેઓના કાર્યકાળ દરમિયાન સાથ અને સહકાર આપનાર તમામ અધિકારીઓ અને કર્મચારીઓનો આભાર વ્યક્ત કરી પોતાની કારકિર્દીના સંભારણા વ્યક્ત કરેલ અને કાર્યકાળ દરમિયાન કોઈને પણ જાણે-અજાણે દુઃખ પહોંચ્યું હોય તો તે બદલ ક્ષમાયાચના કરેલ.

વિદાય કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી એમ.આર.મોદી, નાયબ અધિક્ષક દ્વારા કરવામાં આવેલ.

યુજીવીસીએલ પરિવાર તેમના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે શુભકામનાઓ પાઠવે છે.■

કવિતા

## મિત્ર

જીવન સફર દરમિયાન
શીખવા મળ્યું
કે
મિત્ર
એટલે પ્રભુ દ્વારા મળેલ
બેરર ચેક...
કે જરૂર પડ્યે
સાથ, સંગાથ, સથવારો આપે,
જ્યારે સફળતા મળે
ત્યારે પીઠ થાબડે,
જ્યારે સફળતા ના મળે
ત્યારે પ્રેમથી સમજણ આપે
કે ભલે જીત્યા નહિં
પણ શીખ્યા કેટલું બધું.....!
ઘોર અંધકારમાં
દીવાદાંડી બની
સાચો માર્ગ બતાવે
એ મિત્ર
બાકી ગેરમાર્ગે દોરનારાની
તો કયાં કમી હોય છે ?

સાચા મિત્ર રાખીએ,
સાચા મિત્ર બનીએ,
ખુદ ખુશ રહીએ,
ખુશીઓ ફેલાવીએ.

આર. જી. પટેલ,
સિનીયર આસિસ્ટન્ટ,
પાટણ વિભાગીય કચેરી.

કવિતા

## ટેકનિકલ સ્ટાફને સમર્પિત

ના ટાઢ નડે છે એને
ના ક્યારેય તડકો,
વરસાદ કે વાવાઝોડાનો
નથી એને કોઈ ફડકો

યુદ્ધ લડાય સરહદ પર
તો કેટલાય રણશિંગા ફૂંકાય છે,
ચૂપચાપ કામ કરી જનારા
ક્યાં ક્યારેય ઓળખાય છે.

શૈલેષ એમ. યાદવ
નાયબ ઈજનેર,
સલાલ પેટા વિભાગીય કચેરી.

કવિતા

શબરીપણું ના હોય, તો ક્યાંથી રામ મળે ?
રસ્તામાં થોડા પડ્યા છે, તે એંઠા બોર જડે !!

ક્યાં નદી ને ક્યાં નાવ, એ કેવટ ક્યાંથી કળે ?
ચતુરાઈ ચતુર્ભુજ આગળ, પગ ધોવા મળે !!

આડી પડી કે ઊભી પડી, એ શીલા ક્યાં પડી ?
અંતર્ભક્તિથી અહલ્યા પર, પ્રભુ પગલાં પડે !!

જોમ જુસ્સો જટાયુનો, ક્યાંથી જોવા મળે ?
એ પંખીનો પરમ આત્મા પ્રભુ પાથરણે પડે !!

હરિએ પૂજ્યા હજાર, એટલે જ હનુમાન જડે,
"અમૃત" રામસ્મરણ વિના, ક્યાંથી શ્રીરામ મળે !!

અમૃત શ્રીમાળી,
નિવૃત અધિક્ષક (હિસાબ)
મહેસાણા વર્તુળ કચેરી.





સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવા સમર્પિત...

UGVCL

# ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ, વિસનગર રોડ, મહેસાણા - ૩૮૪૦૦૧.

ટોલ ફ્રી નંબર : ૧૯૧૨૧ અથવા ૧૮૦૦ ૨૩૩ ૧૫૫ ૩૩૫


**આપણું યુજીવીસીએલ**
www.ugvcl.com

આ અંક આપને કેવો લાગ્યો?
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી,
લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઈમેઈલ
આઈડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com